અપીલ અરજી નં.૭૮ તા.૨૩–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હસમુખભાઈ માધાભાઈ દેસાઈ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખભાઈ માધાભાઈ દેસાઈની તા.૩–૬–૦૯ ની અરજીથી મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ તા.૪–૧–૦૭ ના દિને સ્મીમેરમાં બિન જરૂરી મેડીકલ સાધનોની ખરીદી અને ડાયરકેટર અને મેડિ.સુપ્રિ. તરીકે ડો.દુધવાલાએ મેળવેલા વધારાના પગારની વસુલાત સંદર્ભે પગલા ભરવાની માંગ કરી હતી આ ફરીયાદ સંદર્ભે શું કાર્યવાહી કરાય છે? નહીં કરાય હોય તો તેના કારણો કયા હતાં , આ કારણોના આધાર આપતાં હુકમો અને પત્રની નકલો આપવા બાબત તેમજ દુધવાલાના હાઈકોર્ટમાં દાદ અને તે સંદર્ભે પાલિકાને મળેલી નોટીસ, કેસનું સ્ટેટસ સુપ્રિ. માં અપીલ નહીં કરી તેના કારણો, ૨૦૦૬ માં કયારે સસ્પેન્ડ કરવામાં આવેલ અને કયા કારણસર સસ્પેન્શન હુકમની નકલ, આ સંદર્ભે સ્થા.સ. અને સામાન્ય સભાના ઠરાવની નકલ, સાધનોની ખરીદી અને શૈક્ષણિક તપાસ કરવાનો પહેલો નિર્ણય કયારે થયો ? કોણે કર્યો? તપાસની સમિતિની રચના કયારે અને કોણે કરી, કઈ કઈ સમિતિને કઈ કઈ બાબતોની તપાસ અપાઈ? તપાસના હુકમના નિર્ણયના ઠરાવ અને તપાસ હુકમની નકલ , પ્રાથમિક તપાસ કોણે કરી? અને કયારે કરી? તેના તારણો અહેવાલની નકલ તપાસ કરવા કરાયેલો હુકમ અને ઠરાવની નકલ , આઈ જે. દેસાઈ કમિટીને તપાસ કયારે સોંપાઈ તપાસ રીપોર્ટ કમિ. સમક્ષ કયારે સોંપાયો? કમિ.એ સ્થા. સમિતિ સમક્ષ કયારે રજૂ કર્યો? રીપોર્ટના આધારે દરખાસ્તમાં કમિ.એ કયાં પગલા ભરવાની ભલામણો સ્થા. સ. સ્વીકારી કે કેમ? ભલામણો છતાં આખરી નિર્ણય સ્થા. સ. શું લેવાયો? ૨૦૦૫ થી ૨૦૦૯ સુધીના સ્થા. સ. ના ઠરાવો અને કમિ.શ્રીની દરખાસ્તની નકલો, સ્થા. સ. ના તપાસ અહેવાલો ,કમિ.શ્રીના પગલા લેવાની ભલામણો પછી લીધેલો નિર્ણય સામાન્ય સભાની મંજુરી માટે કયારે મોકલ્યો? સામાન્ય સભાએ સાંભળી કયારે અને શું નિર્ણય લેવાયો? સ્થા. સ. અને સમાન્ય સભાની ઠરાવની નકલ, શૈક્ષણિક લાયકાત સંદર્ભે જયેશ દેશકર કમિટીએ તપાસ રીપોર્ટની સાથે તમામ રજૂ કરેલ તમામ બીડાણ આધાર પુરાવાની દસ્તાવેજોની નકલ મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની તા.૨૩–૬–'૦૯ ની અપીલ અરજી નં.૭૮/૨૦૦૯–૧૦

શ્રી હસમુખભાઈ માધાભાઈ દેસાઈની તા.૩–૬–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે નં.જીએડી/ઈએસટી/૭૧૩ તા.૧૭–૬–૦૯ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૭ તા.૧–૭–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફની પત્ર નં.જાવક/નં.જીએડી/ઈએસટી/૯૮૧ તા.૭–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા તેના સંદર્ભે અરજદારને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૭૧૩ તા.૧૭–૬–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ તા.૧૭–૬–૦૯ ના રોજ આપેલ માહિતી સંતોષકારક જવાબ નથી તેવું જણાવી અરજદારે નારાજ થઈ તા.૨૩–૬–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ સદરહુ માહિતી વહીવટી પ્રક્રિયા પ્રગતિ હેઠળ હોય હાલમાં સદર માહિતી આપી શકાય તેમ નથી. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે આવી માહિતી આપી શકાશે તેવી વિગતો અરજદારને પૂરી પાડેલ છે. જેના સંદર્ભે તા.૨૪–૭–૦૯ ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહેલ નહીં. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ) અને મ. જાહેર માહિતી અધિકારી હાજર રહેલ. પરંતુ અરજદાર હાજર ન હોવાથી કેસ મોકુફ રાખવામાં આવેલ. ત્યાર બાદ તા.૩૦–૭–૦૯ ના રોજ ૩.૪૫ કલાકે પુનઃ સુનાવણી રાખવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૭–૭–૦૯ ના પત્રથી તા.૩૦–૭–૦૯ ના રોજ ગુજરાત હાઈકોર્ટમાં જવાના હોય તે તા.૩૦–૭–૦૯ ના બદલે સુનાવણીની અન્ય તારીખની માંગણી કરેલ. જેના અનુસંધાને તા.૩–૮–૦૯ ના રોજ પુનઃ સુનાવણી રાખવામાં આવેલ. જે અંગે અરજદાર હાજર રહી રજૂઆત કરેલ છે કે "જે માહિતી માંગી છે તે મને મળવી જોઈએ માહિતી હેઠળના કામો ત્રણ વર્ષ અગાઉ થઈ ગયેલા છે, તપાસ સોંપાઈ ગયેલ છે , પૂરી થયેલ છે અને ઠરાવ થયેલ છે, તે રીપોર્ટ બહાર ફરે છે તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ કાર્યવાહી હેઠળ હોવાનું જણાવી ઈન્કાર કરેલ છે." જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને મ. જાહેર માહિતી અધિકારી હાજર રહેલ. અને તેઓ તરફથી રજૂઆત કરવામાં આવેલ કે " સામાન્ય સભાના ઠરાવ નં.૧૩૮ તા.૨૫–૫–૦૯ ના સદરહુ બે સમિતિના રીપોર્ટ સંદર્ભે ખાતાકીય તપાસ યોજવામાં માંગેલ મંજુરીથી વિરુધ્ધ ઠરાવ થયેલ હોય સદર ઠરાવ બીપીએમસી એકટની કલમ–૪૫૧ હેઠળ રાજય સરકારને મોકલવામાં આવે છે જે અંગે હજુ નિર્ણય લેવાયેલ નથી." જેથી માહિતીનો ઈન્કાર કરેલ છે તે યોગ્ય છે.

આરટીઆઈ એકટની કલમ–૮(૧)(આઈ) અન્વયે મંત્રી મંડળ અને અધિકારીઓની વિચાર વિમર્શને લગતી માહિતી આખરી નિર્ણય લેવાય નહીં અને બાબત પૂર્ણ થાય નહીં ત્યાં સુધી માહિતી જાહેર કરવાના અપવાદ હેઠળ આવે. જાહેર માહિતી અધિકારી પક્ષે કરેલ રજૂઆત ધ્યાને લેતાં તપાસ સમિતિના રીપોર્ટ પ્રસ્તુત તબકકે આ અપવાદ હેઠળ આવી શકે. જયારે તે સિવાયની માહિતી જેમાં અરજદારે સુનાવણીમાં કરેલ રજૂઆત અનુસાર ઠરાવ થઈ ગયેલ છે. કામ પૂર્ણ થઈ ગયેલ છે તેવી બાબતો તથા જે કિસ્સામાં કાર્યવાહી ચાલુ હોય ત્યાં તેની નકલો સિવાય કાર્યવાહીના તબકકાની વિગતો જાહેર સ્ત્રોત હેઠળ કલમ–૨(એફ) અને ૨ (જે) ની જોગવાઈઓ હેઠળ આવી શકે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ સામાન્ય સભાના ઠરાવ નં.૧૩૮ તા.૫–૫–૦૯ માં નિર્દિષ્ટ સદરહુ બે સમિતિના ખાતાકીય તપાસના રીપોર્ટ સિવાયની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી કાર્યવાહીના તબકકા જણાવવા સહિતની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખભાઈ માધાભાઈ દેસાઈ,